અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) જ્યારે મસ્જિદમાં દાખલ થતાં તો કહેતા : «અઊઝુબિલ્લાહિલ્ અઝીમ , વબિવજ્હિહિલ્ કરીમ , વસુલ્તાનિહિલ્ કદીમ , મિનશ્ શૈતાનિર્ રજીમ

અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ રઝી અલ્લાહુ અન્હુમા (અલ્લાહ તે બંનેથી રાજી થાત) રિવાયત કરે છે : અલ્લાહના પયગંબર સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) જ્યારે મસ્જિદમાં દાખલ થતાં તો કહેતા : «અઊઝુબિલ્લાહિલ્ અઝીમ , વબિવજ્હિહિલ્ કરીમ , વસુલ્તાનિહિલ્ કદીમ , મિનશ્ શૈતાનિર્ રજીમ » (અર્થ : હું ધૃતકારેલા શૈતાનથી મહાન અલ્લાહ, તેના સન્માનિત ચહેરા , અને તેની પ્રાચીન સત્તા દ્વારા શરણમાં આવું છું), પૂછવામાં આવ્યું : શું આટલું જ કહેવામાં આવ્યું હતું , તેમણે કહ્યું : હાં , નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) એ કહ્યું : બસ જ્યારે કોઈ વ્યક્તિ (મસ્જિદમાં પ્રવેશ કરતાં પહેલા) આ દુઆ પઢે છે, તો શૈતાન કહે છે કે આ વ્યક્તિ આખો દિવસ મારાથી સુરક્ષિત રહેશે .

[હસન] [આ હદીષને ઈમામ અબૂ દાવૂદ રહિમહુલ્લાહએ રિવાયત કરી છે]

નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય) જ્યારે મસ્જિદમાં દાખલ થતાં તો કહેતા : (અઊઝુબિલ્લાહિલ્ અઝીમ) હું અલ્લાહ સમક્ષ તેના ગુણો દ્વારા શરણ માંગુ છું . (વબિવજ્હિહિલ્ કરીમ) સૌથી વધુ દાન કરનાર , ખૂબ આપનાર, (વસુલ્તાનિહિ)તેનું વર્ચસ્વ , શક્તિ , અને કુદરત , તે પોતાના સર્જનીઓ માંથી ઈચ્છે તેને હરાવવાની ક્ષમતા ધરાવે છે . (અલ્ કદીમ) શાશ્વત (મિનશ્ શૈતાનિર્ રજીમ) ધૃતકરવામાં આવેલ શૈતાનથી , જેણે અલ્લાહની કૃપા માંથી કાઢી દેવામાં આવ્યો છે . અર્થાત્ : હે અલ્લાહ ! મને તેના વસવસા , તેના ફિતના , તેની તરફથી આવતા ખતરાઓ, અને તેની પથભ્રષ્ટતાથી સુરક્ષિત રાખ , કારણકે તે પથભ્રષ્ટતા , ફિતના અને અજ્ઞાનતા તરફ દોરે છે , તો અબ્દુલ્લાહ બિન અમ્રને કહેવામાં આવ્યું કે શું આટલું જ કહ્યું હતું ? અર્થાત્ નબી સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ (તેમના પર દરૂદ અને સલામતી થાય)એ આ જ શબ્દો કહ્યા હતા? તેમણે કહ્યું : હાં બસ જ્યારે કોઈ વ્યક્તિ મસ્જિદમાં દાખલ થતી વખતે આ દુઆ પઢે ; તો શૈતાન કહે છે કે ખરેખર આ વ્યક્તિએ પોતાના નફસને મારાથી સંપૂર્ણ દિવસ અને રાતના સમય માટે સુરક્ષિત કરી લીધો .

http://sunnah.global/hadeeth/gu/show/8294